
# ગુજરાતનો મહાસંગ્રામ 2012



પ્રાંતિજ-તલોદ બેઠકના ભાજપના ઉમેદવાર જયસિંહ ચૌહાણના પ્રચાર અર્થે આવેલા નરેન્દ્રભાઈ મોદીને સાંભળવા શનિવારે પ્રચારના અંતિમ દિવસે સમગ્ર મતક્ષેત્રના ગામેગામથી અસંખ્ય જનમેદની ઉમટી પડી હતી. સભા સ્થળનો મંડપ ઓછો પડતાં લોકો ધાબાની છતો પર, ઝાડ પર ચડીને પણ મોદીને સાંભળવા અધિરા બન્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)





## ખેડબ્રહ્મામાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા રોડ શૉ

વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાનના પડઘમ શાંત થતા પહેલા ભાજપ અને કોંગ્રેસ દ્વારા રોડ શૉ કરવામાં આવ્યો હતો. ભાજપ દ્વારા ખેડબ્રહ્માના યુવાનો સહિત ભોજાભાઈ મકવાણા (ઉમેદવારે) રૂબરૂ લોકસંપર્ક કર્યો હતો જ્યારે કોંગ્રેસના અશ્વિન કોટવાલ સાથે ફિલ્મી કલાકાર અસરાનીએ ખુલ્લી જીપમાં શોલે ફિલ્મના સંવાદો બોલી કોંગ્રેસને જીતાડવા અપીલ કરી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ)

## માણસામાં ગુજરાત પરીવર્તન પાર્ટીના પ્રચારાર્થે આવેલા કેશુભાઈ પટેલે પરીવર્તન લાવવા હાંકલ કરી

માણસા, તા. ૧૫

માણસા બેઠક પર હવે ત્રિપાંખીયો જંગ જામ્યો છે. અને બધા ઉમેદવારો ગામે ગામ પ્રચાર ઝુંબેશ પૂર્ણ કરી ગ્રુપ મીટીંગોમાં વ્યસ્ત બન્યા છે. ત્યારે આજે જી.પી.પી.ના ઉમેદવાર અમનભાઈ પટેલના પ્રચાર માટે અહીંયા સજ્જનપુરા ચોક ખાતે આવેલા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે જાહેરસભાને સંબોધી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે હાલની સરકાર વિધાનસભા સત્રને ફગાવી દઈ વિપક્ષના સભ્યોને સસ્પેન્ડ કરી પોતાની મનમાની ચલાવે છે. તથા રાજ્યમાં લોકયુક્તની નિમણુંક કરતા ડરે છે. તો ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા તેમણે ભાજપના મોદીને ખંડળી ખોર ગણાવી ઝાટકણી કાઢી હતી. આ સભામાં શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા લોકોને કેશુભાઈ પટેલે રાજ્યમાં એક હથ્થુશાસન ચલાવનાર અને ફક્ત ઉદ્યોગપતિઓનો વિકાસ કરનાર સરકારને ઉખેડી ફેંકી પરિવર્તન લાવવા આહવાન કર્યું હતું.

# દેશમાં ખેડૂતો અને ગરીબોનો અવાજ દબાવી દેવાય : રાહુલ

અમદાવાદ, તા. ૧૫

ભૂજ ખાતે જાહેરસભાને સંબોધન કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને યુવા નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, ગાંધીજી સાથે અમારા પરીવારનો નાતો રહ્યો છે. ગાંધીજીની વિચારધારાએ ગુજરાતની વિચારધારા છે. ગાંધીજીના સિદ્ધાંતોને યાદ કરીને તેમણે કહ્યું છે રાજનીતિમાં નિયમો અને સિદ્ધાંતોનું પાલન કરવામાં આવે તો આગળ વધી શકાય છે. છેલ્લા ૮ વર્ષથી રાજનીતિમાં છું અને આ સિદ્ધાંતોને સાથે રાખીને લોકચાહના મેળવી રહ્યો છું તેમ કહી યુવાનોને પણ ગાંધીજીના વિચારો અને નિયમો સાથે જોડાઈ રાજનીતિ કરવા આહવાન કર્યું હતું. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ મુશ્કેલી કે પ્રશ્ન સતાવતો હોય ત્યારે ગાંધીજીના લખાયેલ સાહિત્ય-પુસ્તકો વાંચવાથી તેનો ઉકેલ મળી જાય છે. આ સત્ય અને અહિંસાની પૂજાનું પરીણામ છે. આનાથી ઉલટુ, ગુજરાતમાં ખેડૂતો, ગરીબો, મહિલાઓ, યુવાનો અને કર્મચારીઓના ન્યાય માટેના અવાજને દબાવી દેવામાં આવ્યો છે. માત્ર એક વ્યક્તિનો જ અવાજ ચાલે, સંભળાય તે માટે બીજાનો અવાજ દબાવી દેવો તે કેવો ન્યાય ? કેવો વિકાસ તેવો પ્રશ્ન કર્યો હતો. કોંગ્રેસ પક્ષની વિકાસની અને બધાને સાથે રાખીને આગળ વધવાની નીતિનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, ગરીબોને રોજગારી મળે તે માટે મનરેગા યોજના લાવવામાં આવી છે. ભ્રષ્ટાચારને ઉઘાડો પાડવા માટે માહિતી મેળવવાનો અધિકાર કાનૂન લાવવામાં આવ્યો છે. છતાં ૧૪ હજાર જેટલી આરટીઆઈની અરજીઓ પેન્ડીંગ છે. આરટીઆઈનો કાનૂન ઉત્તરપ્રદેશ, બિહારમાં પણ અમલમાં છે. જ્યાં તેનો સારો અમલ થઈ રહ્યો છે. જ્યારે ગુજરાતમાં તેનાથી વિરુદ્ધની સ્થિતિનું નિર્માણ થયું છે. ગુજરાતના લોકોએ પીવાનું પાણી, ખેડૂતોને સિંચાઈ માટે પાણી, માછીમારોને ન્યાય ગુજરાતમાં માત્ર એક જ વ્યક્તિનો અવાજ ચાલે છે, એક જ વ્યક્તિ વિકાસ કરી રહ્યો છે અને મહિલાઓ, શિક્ષિત યુવા વર્ગ, ખેડૂતો, કર્મચારી વર્ગ કાંઈ નથી કરી રહ્યો તેવા પ્રકારનું આયોજનપૂર્વકનું માર્કેટીંગ ગુજરાતમાં કરવામાં આવી રહ્યું છે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ સપનાઓને આગળ લઈને ચાલવાનું હોય છે તેને બદલે એક વ્યક્તિ પોતાના સપનાઓને જ સાકાર કરવામાં રાચી રહ્યા છે. ટાટાની નેનો ગાડી પાછળ ગુજરાતના એક નાગરિકના ૬૦૦૦૦ રૂપિયા જાય છે. કચ્છના લોકોને રોજગારી મળી નથી, સિંચાઈ માટે પાણી મળ્યું નથી ત્યારે ગુજરાતની સરકારના વિકાસના દાવાને જુઠ્ઠા અને પાયા વગરના છે. માત્ર ઉદ્યોગપતિઓને ખુશ રાખવામાં આવ્યા છે તેવો આક્ષેપ કર્યો હતો. રાહુલ ગાંધીએ સરદાર પટેલનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, હિંદુસ્તાનમાં એક દિવસ એવો આવે જે દિવસે કોઈ પણ ભૂખ્યું ન રહે. આવું સરદાર પટેલે અનેકવાર કહ્યું છે. મધ્યાહન ભોજન યોજના લાવીને કોંગ્રેસે બાળકોને ભોજન આપવાનો પ્રયાસ કર્યો છે પરંતુ ગુજરાતમાં તે યોજનાનો અમલ પણ બરાબર કરાતો નથી. મધ્યાહન ભોજન યોજનામાં પણ વ્યાપક ભ્રષ્ટાચાર થાય છે.

## કોંગ્રેસના અમદાવાદ બાપુનગરના પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રકાશ ગુર્જર ભાજપામાં જોડાયા

અમદાવાદ, તા. ૧૫

ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશિકભાઈ પટેલની હાજરીમાં આજરોજ ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે કોંગ્રેસના અમદાવાદ બાપુનગરના પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રકાશ ગુર્જર કોંગ્રેસને રામ-રામ કરી ભાજપમાં જોડાયા હતા.

૨૦૦૯માં રાહુલ ગાંધીના નેતૃત્વમાં યુવા કોંગ્રેસની ચૂંટણી લડી મહામંત્રી બનેલા અને હાલ પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રકાશ ગુર્જરે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ યુવાનોને હળાહળ અન્યાય કર્યો છે અને કોંગ્રેસના બંધારણનો ભંગ કરી છેતરપિંડી કરી છે, તેવા સંજોગોમાં આજે કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાયો છું.

એક ગૃહિણીનો ગુજરાતને પત્ર

બસ જુઓ પાણી ભરીને આવી, બહુ થાક લાગ્યો. છેક દુરથી લાવવું પડેને એટલે પણ મારા ગુજરાતને પત્ર લખવાનો હોય તો થાકને ભુલવો જ પડે. મારી ઓળખ આપું તમને તો હુ આમ તો એક ગામડાની ગૃહિણી, સાત ચોપડી ભણેલી એટલે લખતા વાંચતા આવડે થોડું થોડું. ઓળખમાં વિશેષ કહું તો એક મહેનતુ પતિની ઘરવાળી.

અમે ગામડાની ભાષામાં ગૃહિણીને ઘરવાળી કહીએ, પણ ભલે એ ઘરવાળી પાસે ઘરનું ઘર ન હોય. ભાડાના ઘરમાં અમારો પરિવાર રહે છે. જેમાં મારે બે બાળકો છે. જે અત્યારે નિશાળે ગયા છે. પણ નિશાળમાં ત્રણ વિષયના સાહેબો નથી એટલે સાંજ પડયે મારી બુદ્ધિ પ્રમાણે હું જ થોડું થોડું ભણાવું છું, મારા પતિ કારખાને જાય છે નોકરી કરવા, પણ એ કાયમી નથી, મને ત્યારે છુટા કરી મુકે, સસરાની તબિયત વારંવાર બગડે છે. પણ દવાઓ કે સારવાર અમને પોસાતી નથી એટલે બનતાં સુધી ઘરગથ્થુ ઉપચારથી ચલાવી લઇએ છીએ, સાસુ પણ ઘરડાં છે. એમનાથી બહુ કામ થતું નથી એટલે મને વૈતરું કરતી જોઇ જીવ બાળ્યા કરે છે, તમને આ પત્ર લખવા પાછળ મારો કોઇ એક સ્વાર્થ છે, વર્ષોથી ચાલી આવતી પરિસ્થિતિઓને જોતા તો મને મારો પરિવાર સમૃદ્ધ થવાની કોઇ આશા દેખાતી નથી અને મને ખબર છે કે ગુજરાતમાં મારા જેવા કેટલાય પરિવારો છે. પણ ભગવાનનો એક વાત માટે પાડ માનું છું કે હવે આશાનું એક કિરણ ફુટયું છે. અમારી બધીજ તકલીફોની અમારા સિવાય પણ કોઇને જાણ છે. અને એણે આ તકલીફોમાંથી અમને મુક્ત કરાવવાનું વચન આપ્યું છે. મને તો એના પર પૂરો ભરોસો છે. એ છે ગુજરાત કોંગ્રેસ. આ બધું તમને કહેવાનું કારણ એ છે કે અમારા અને અમારા જેવા કેટલાય પરિવારોની તકલીફો ત્યારે જ દુર થશે જો કોંગ્રેસની સરકાર બનશે, પણ એ આપના સહયોગ વગર શક્ય નથી, આપ આપનો મત કોંગ્રેસને આપીને વિજયી નહી બનાવો તો ખબર નહીં આવનારા પાંચ વર્ષોમાં તો અમારી હાલત કેવી હશે, આપશોને મત કોંગ્રેસને? મારા ઘરડાં સાસુ સસરાના તમને આશીર્વાદ મળશે. મારી, એમની ને મારા બાળકોની દુઆઓ મળશે. વધુ કાંઇ લખતી નથી કેમકે તમે સૌ તો હોશિયાર છો. બધું જાણો જ છો..

આભાર

એક ગૃહિણી

પ્રકાશક: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

આપના મતનું વચન
એ જ ઘરના ઘરનું
ભૂમિપૂજન



આદરણીય બહેનો,
સમય આવી ગયો છે, તમારા ઘરના ઘર ના અધિકારને
છીનવી લેનારને માત્ર એક મતથી
પાઠ ભણાવવાનો
અને આપનો આ અધિકાર ફરી પાછો મેળવવાનો.

આ અભૂતપૂર્વ તક ચૂકશો નહિ.
**આપનો મત કોંગ્રેસને આપી**
આપની અને આપના પરિવારની ખુશીઓ માટે તૈયાર થઇ જાઓ.




ગુજરાતની ગૃહિણીઓના સર્વેક્ષણના આધારે તેમની જરૂરીયાત મુજબના 'ઘરના ઘર'નું સેમ્પલ હાઉસ તૈયાર છે.

સહુ સહમત કોંગ્રેસને મત

પ્રકાશક: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ